# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૨૩૬ | વિક્રમ સંવત ૨૦૮૧ : ચૈત્ર સુદ ૧૩ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 236 • Dt.10-04-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

10 APRIL- 2025 THURSDAY




P.07

પ્રિયાંશ આર્યની સદી પર પ્રીતિ ઝિન્ટાએ ખુશી વ્યક્ત કરી



P.07

મને નથી લાગતું કે ૨૨ વર્ષીય ન્યાસા દેવગન બોલીવુડમાં ડેબ્યૂ કરશે : માતા કાજલ દેવગન

ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ મરીન ફાઇટર જેટ ખરીદવા માટે મેગા ડીલને મંજૂરી 07





07 રાજધાની દિલ્હી સહિત ૮ રાજ્યોમાં હીટવેવનું ચલો | એલર્ટ ૯ રાજ્યોમાં વાદળો વરસશે





The Demand for Cyber Security Professionals at All-Time high across the world.

Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD

www.cyberoctet.com

Cyber Octet™

Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance

+91 74053 21234


## અમદાવાદમાં ઐતિહાસિક કાર્યક્રમ | મંત્રોચ્ચારથી આત્મ-શુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસના માધ્યમથી વિશ્વનું કલ્યાણ પણ થશે

# ૨૫ હજાર જૈનો એકસાથે નવકાર મંત્રનો જાપ કરી બનાવશે રેકોર્ડ

| પ્રતિનિધિ, અમદાવાદ,તા.૯ |

અમદાવાદમાં GMDC ગ્રાઉન્ડમાં જૈન સમાજ દ્વારા વિશ્વ કલ્યાણના સંકલ્પને જન જન સુધી પહોંચાડવા ૯ એપ્રિલે 'નવકાર મહામંત્ર' દિવસનું ઐતિહાસિક આયોજન કરાયું હતું. જે એક અદ્ભૂત ક્ષણ સાબિત થઈ હતી. નવકાર મહામંત્રનો મૂળ સંદેશ બધા જીવો પ્રત્યે સ્નેહ અને આદરનો છે. આ મૂલ્ય ઘણા ધર્મોના મૂળ સિદ્ધાંતો સાથે મેળ ખાય છે. એટલું જ નહીં, નવકાર મહામંત્ર અહિંસાનો મજબૂત સંદેશ આપે છે. આ મંત્રોચ્ચારથી આત્મ-શુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસના માધ્યમથી વિશ્વનું કલ્યાણ પણ થશે. આ અવસરે એકસાથે ૨૫ હજાર જૈનો નવકાર મંત્રના જાપથી એક ઐતિહાસિક રેકોર્ડ બન્યો છે. GMDC ખાતેના આયોજનમાં રાજકીય નેતાઓ તેમજ જૈન સમુદાય, જેમ કે શ્વેતાંબર સંઘ, દિગંબર સંઘ, તેરાપંથી સંઘ, સ્થાનકવાસી સંઘ એમ તમામ જૈન સમુદાયના જૈન મુનિ આ નવકાર મહામંત્રમાં ઉપસ્થિત રહ્યા હતાં. સવારે ૮ વાગ્યાથી કાર્યક્રમની શરૂઆત થઈઠ ગઈ હતી. જ્યાં પહોંચવા માટે ૪૫૦ જેટલી બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી. GMDC ગ્રાઉન્ડમાં ૪૫૦થી વધુ કળશ મૂકવામાં આવ્યા હતાં. કાર્યક્રમ પહેલાં શહેરમાં કળશ યાત્રા કરવામાં આવશે જેમાં મોટી સંખ્યામાં સંઘો કળશને લઈને આવશે અને સામૂહિક નવકાર મંત્રનો જાપ કર્યો હતો. ૨૫ હજારથી વધુ લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતાં તેમજ ૧૦૦ થી વધારે અનુષ્ઠાન અને ૬૦૦૦ થી વધુ દેરાસર અને સ્થાનક પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

## અમદાવાદ શહેરમાં ૬૦૦૦ થી વધુ દેરાસર અને સ્થાનક ઉપર જીવંત પ્રસારણ



નવકાર મંત્ર એ જૈન ધર્મનો એક મહત્ત્વપૂર્ણ મંત્ર છે. નવકાર મંત્રનો નિયમિત જાપ કરવાથી મન શાંત અને સ્થિર બને છે. ચિંતા, તણાવ અને ઉદાસીથી રાહત અને માનસિક શાંતિ આપે છે, પાપોનો નાશ થાય છે, પુણ્ય વધે છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. એટલું જ નહીં, મંત્ર જાપથી આત્મજ્ઞાન મળે છે, લોકોની મનોકામનાઓ પૂર્ણ થાય છે તથા સાચા માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે. એટલા માટે જ તો રોજિંદા જીવનમાં નવકાર મહામંત્રનું જૈન ધર્મમાં ખૂબ જ મહત્ત્વ છે, જે અન્ય ધર્મોમાં પણ ખૂબ આદર પામે છે. અમદાવાદમાં GMDC ગ્રાઉન્ડમાં જૈન સમાજ દ્વારા વિશ્વ કલ્યાણના સંકલ્પને જન જન સુધી પહોંચાડવા ૯ એપ્રિલે 'નવકાર મહામંત્ર' દિવસનું ઐતિહાસિક આયોજન કરાયું હતું. જે એક અદ્ભૂત ક્ષણ સાબિત થઈ હતી. નવકાર મહામંત્રનો મૂળ સંદેશ બધા જીવો પ્રત્યે સ્નેહ અને આદરનો છે. આ મૂલ્ય ઘણા ધર્મોના મૂળ સિદ્ધાંતો સાથે મેળ ખાય છે. એટલું જ નહીં, નવકાર મહામંત્ર અહિંસાનો મજબૂત સંદેશ આપે છે. આ મંત્રોચ્ચારથી આત્મ-શુદ્ધિ અને આધ્યાત્મિક વિકાસના માધ્યમથી વિશ્વનું કલ્યાણ પણ થશે. આ અવસરે એકસાથે ૨૫ હજાર જૈનો નવકાર મંત્રના જાપથી એક ઐતિહાસિક રેકોર્ડ બન્યો છે. GMDC ખાતેના આયોજનમાં રાજકીય નેતાઓ તેમજ જૈન સમુદાય, જેમ કે શ્વેતાંબર સંઘ, દિગંબર સંઘ, તેરાપંથી સંઘ, સ્થાનકવાસી સંઘ એમ તમામ જૈન સમુદાયના જૈન મુનિ આ નવકાર મહામંત્રમાં ઉપસ્થિત રહ્યા હતાં. સવારે ૮ વાગ્યાથી કાર્યક્રમની શરૂઆત થઈઠ ગઈ હતી.

## સિંહ સહિતના વન્ય પ્રાણીઓનો વસવાટ ધરાવતા મેદાની વિસ્તારમાં

# રાજુલાના રામપરા ગામ નજીક બાવળની ઝાડીઓમાં વિકરાળ આગ લાગતા દોડધામ



આગ પર કાબૂ મેળવવા ફાયરની ટીમ દ્વારા પાણીનો મારો ચલાવી આગ ઠારવાના પ્રયાસો જારી

| પ્રતિનિધિ, અમરેલી, તા.૯ |

અમરેલી જિલ્લામાં સિંહોના વિસ્તારમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. રાજુલા તાલુકાના રામપરા ગામ નજીક બાવળની ઝાડીઓમાં વિકાળ આગ લાગતાં વનવિભાગ અને ફાયર જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે. આ વિસ્તારમાં જંગલી અને પાલતુ પ્રાણીઓ વસવાટ કરતાં હોવાથી એમને કંઇ નુકસાન ન થાય એ માટે સ્થાનિક આઈ.એફ.એસ .ફતેહ મીણા સહિત અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા છે.આ વિસ્તારમાં આવેલા ઉદ્યોગોના ફાયરબ્રિગેડ વાહનો દ્વારા આગ પર કંટ્રોલ કરવાનો પ્રયાસ હાથ ધરાયો છે. અહી બાવળની ઝાડીઓમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં એને કાબૂમાં લેવા પીપાવાવ પોર્ટ, અલ્ટ્રાટેક કોવાયા પાવર પ્લાન્ટ, સિન્ટેક્સ, એનર્જી કંપની સહિત આસપાસની કંપનીઓની ફાયર વિભાગની ટીમો પ્રયાસો કરી રહી છે.રાજુલા તાલુકાના રામપરા ગામ નજીક ટોરેન્ટ કંપનીની ૧૦૦૦ વીઘા કરતાં વધુ જમીન આવેલી છે, જેમાં કોઈ ઉદ્યોગ ન હોવાથી આ જમીન માત્ર પડતર છે, જેથી એમાં મહાકાય બાવળ ઊભા છે. આ બાવળની અંદર સિંહ, દીપડા અને હરણ જેવાં અનેક પ્રાણીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. અહીં સૌથી વધુ સિંહ વસવાટ કરતાં હોવાનું વન વિભાગનું કહેવું છે, જેથી આ આગથી સિંહ સહિત કોઈપણ પ્રાણીને નુકસાન ન પહોંચે એ માટે ફાયર વિભાગની ટીમો સાથે વન વિભાગના અધિકારીઓ વિશેષ તકેદારી રાખીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા છે.વન વિભાગએ જણાવ્યું હતું કે આગ પર મોટા ભાગે કન્ટોલ મેળવી લેવાયો છે, જોકે હજી સાવ કાબૂમાં નથી આવી. કલાકોથી આગ ચાલતી હોવાના કારણે સિંહોના રહેઠાણ બળીને ખાક થયા છે, વન વિભાગના કર્મચારીઓ અત્યારે ઝાડીઓમાં તપાસ કરી રહ્યા છે. અમરેલી જિલ્લામાં સિંહોના વિસ્તારમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. રાજુલા તાલુકાના રામપરા ગામ નજીક બાવળની ઝાડીઓમાં વિકાળ આગ લાગતાં વનવિભાગ અને ફાયર જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે. આ વિસ્તારમાં જંગલી અને પાલતુ પ્રાણીઓ વસવાટ કરતાં હોવાથી એમને કંઇ નુકસાન ન થાય એ માટે સ્થાનિક આઈ.એફ.એસ .ફતેહ મીણા સહિત અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયા છે.

## ગાંધીનગર શહેર અને જિલ્લામાં ગેરકાયદે રેતી અને અન્ય ખનીજની ગેરકાયદે હેરાફેરી | ભુસ્તર તંત્ર દ્વારા હાઇવે માર્ગો ઉપર ચેકિંગ કરીને રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃતરીતે ખનીજની હેરાફેરી કરતા હોય તેવા નવ ડમ્પરોને ત્રણ દિવસમાં પકડવામાં આવ્યા

# ગેરદાયદે રેતીની હેરાફેરી કરતા નવ ડમ્પર સહિત કુલ ૩.૧૦ કરોડનો મુદ્દામાલ જપ્ત

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૯ |

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ગેરકાયદે રેતી અને અન્ય ખનીજની ગેરકાયદે હેરાફેરી કરવામાં આવી રહી છે તે વચ્ચે ભુસ્તર તંત્ર દ્વારા હાઈવે માર્ગો ઉપર ચેકીંગ કરીને રોયલ્ટી પાસ વગર બિનઅધિકૃતરીતે ખનીજની હેરાફેરી કરતા હોય તેવા નવ ડમ્પરોને ત્રણ દિવસમાં પકડવામાં આવ્યા છે. કુલ ૩.૧૦ કરોડનો મુદ્દામાલ પણ તંત્રએ જપ્ત કરીને આ ડમ્પરના માલિકો સામે પણ દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ગાંધીનગરની સાબરમતી નદી ઉપરાંત અન્ય નદીના તટમાંથી



હજ્જારો ટન રેતી ગેરકાયદે ઉલેચવામાં આવે છે. જ્યાં તંત્ર દ્વારા દરોડો પાડવામાં આવે છે તે વખતે આ રેતીમાફિયા ત્યાંથી ભાગી જવામાં સફળ રહે છે આવી સ્થિતિ વચ્ચે માર્ગો ઉપર ચેકીંગ કરીને ગેરકાયદે રેતી સહિતના ખનીજની હેરાફેરી કરતા તત્વોને પકડવા ચક્રોગતિમાન કર્યા છે. આ અંગે જિલ્લા કલેક્ટર મેહુલ દવેની સુચનાને પગલે મદદનીશ ભુસ્તરશાસ્ત્રી પ્રણવસિંહની ટીમ દ્વારા ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત નારદીપુર, પેથાપુર,ઘ-૦, ફતેપુરા, શાહપુર,લેકાવાડા તથા પીંપળજ ખાતેથી ચેકીંગ દરમ્યાન બિનઅધિકૃતરીતે રેતી તથા ખનીજની હેરાફેરી કરતા નવ વાહનો પકડવામાં આવ્યા હતા.ત્રણ દિવસ દરમ્યાન ગાંધીનગરના આ અલગ અલગ સ્થળોએથી ભુસ્તર તંત્ર દ્વારા રોયલ્ટીપાસ વગરના તથા ઓવરલોડેડ નવ વાહનો પકડીને કુલ ૩.૧૦ કરોડનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે.

## જૂના બસ સ્ટેન્ડ અને રમળેચી રોડ પર ડિમોલિશન

# ગુજરાત રાજ્યના ગીર તાલાલામાં રાહદારીઓને અડચણરૂપ ૬૦ દબાણો ઉપર ફેરવાયું બુલડોઝર

### તાલાલા નગરના મુખ્ય ચોક જુના બસ સ્ટેન્ડ તથા આજુબાજુના વિસ્તારોમાં અવિરત દબાણો થતાં આ વિસ્તારમાં કિંમતી દુકાનો લઈ વેપાર ધંધા કરતા વેપારી ભાઈઓ તથા રાહદારીઓ ત્રાહિમામ થઈ ગયા હતા

| પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૯ |

તાલાલા શહેરના જૂના બસ સ્ટેન્ડ ચોક તથા આજુબાજુના વિસ્તારોનાં માજા મુકતાં દબાણો દૂર થતાં રાહદારીઓ તથા નગરજનોએ રાહત વ્યક્ત કરી છે. આ ઉપરાંત સોમનાથથી સાસણ ગીર જતા શહેરના મુખ્ય માર્ગ ઉપર ૬૦ જેટલા દબાણો પર બુલડોઝર ફેરવાતા જટિલ ટ્રાફિક સમસ્યા દૂર થઈ છે. તાલાલા નગરના મુખ્ય ચોક જુના બસ સ્ટેન્ડ તથા આજુબાજુના વિસ્તારોમાં અવિરત દબાણો થતાં આ વિસ્તારમાં કિંમતી દુકાનો લઈ વેપાર ધંધા કરતા વેપારી ભાઈઓ તથા રાહદારીઓ ત્રાહિમામ થઈ ગયા હતા. નગરના મુખ્ય ચોક વિસ્તારમાં માજા મુકતાં દબાણો દૂર કરવા સ્થાનિક પ્રશાસન સમક્ષ વારંવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરેલ પણ પરિણામ



શૂન્ય આવતા આ વિસ્તારના ૭૦ જેટલા વેપારીઓ તથા જાગૃત નાગરિકોએ મુખ્યમંત્રી સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં ગીર સોમનાથ જિલ્લા કલેકટર સમક્ષ ઓનલાઈન સામૂહિક ફરીયાદ કરી હતી.જૂના બસ સ્ટેન્ડ અને રમળેચી રોડ પર ડિમોલિશન૭૦ વેપારીઓ અને આગેવાનોએ અનેક રજૂઆતો બાદ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પ્રશ્ન મુકતા આખરે નિંભર તંત્રવાહકો જાગ્યાએ ફરિયાદને પગલે પરિણામલક્ષી થયેલ નિર્ણય બાદ જૂના બસ સ્ટેન્ડ ચોકથી શાક માર્કેટ અને રમળેચી રોડ ઉપરના ૬૦થી પણ અધિક દબાણો દૂર કરવામાં આવ્યાં હોવાનું ચીફ ઓફિસર વી.સી. રાઠોડે જણાવ્યું છે. આ કાર્યવાહીથી આ વિસ્તારના નાગરિકો નગરજનોને ખુબજ રાહત મળી છે તેમજ શહેરમાંથી પસાર થતો સાસણ ગીર-સોમનાથ મુખ્ય માર્ગ ઉપરની જટિલ ટ્રાફિક સમસ્યા ભુતકાળ બની ગઈ છે. તાલાલા નગરમાં દબાણ હટાવ ઝુંબેશ દરમ્યાન તાલાલા મામલતદાર તથા પી.આઈ અને ચીફ ઓફિસરનાં માર્ગદર્શન હેઠળ સ્થાનિક પ્રશાસન સ્ટાફ જોડાયો હતો.

## પાટનગર ગાંધીનગરમાં | સરકારી ખેલ અભિરૂચી કસોટીઓ પણ પાસ કરી લેનારા હજ્જારો વ્યાયામ શિક્ષકોના ભવિસ્ય પર પૂર્ણ વિરામ મુકી દેવામાં આવ્યું

# વ્યાયામ શિક્ષકો દ્વારા હાથમાં શકોરા લઇને નોકરી માટે ભીખ રેલી યોજાઈ

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૯ |

પાટનગરમાં સત્યાગ્રહ છાવણી પર ન્યાયની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલા વ્યાયામ શિક્ષકો દ્વારા તેમનો અવાજ નિંભર સરકારના બહેરા કાન સુધીપહોંચાડવા માટે હાથમાં શકોરા લઈને ભીખ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. આંદોલનકારીઓએ જણાવ્યું કે યોગ અને અંગ કસરતના દાવની હકારાત્મક પ્રવૃતિથી સરકારને ફેર નહીં પડવાથી ભીખ માંગવાની નકારાત્મકાનું પ્રદર્શન કરવા માટે મજબુર બન્યા હતાં.દોઢ દાયકાથી વ્યાયામ શિક્ષકોની ભરતી જ નહી કરવામાં આવ્યા બાદ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ખેલ સહાયક નામે ૧૧ માસના કરાર આધારિત કોઈ સલામતી વગર નોકરીએ રાખવાની યોજના અમલી કરીને પ્રાથમિકથી



લઈને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના બાળકોની સાથે વ્યાયામ શિક્ષક તરીકેની કારકિર્દી ઘડવા માટે બેચલરથી લઈને પીએચડી સુધીની ડિગ્રી મેળવ્યા બાદ સરકારી ખેલ અભિરૂચી કસોટીઓ પણ પાસ કરી લેનારા હજ્જારો વ્યાયામ શિક્ષકોના ભવિસ્ય પર પૂર્ણ વિરામ મુકી દેવામાં આવ્યું છે. તેમ જણાવતાં સત્યાગ્રહ કરી રહેલા વ્યાયામ શિક્ષકો દ્વારા ૨૩ દિવસથી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. પરંતુ સરકાર દ્વારા કોઈ પ્રતિભાવ જ આપવામાં નહીં આવતાં મંગળવારે ભીખ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું. ઉમેદવારોએ અમે લાયક છીએ, અમને રોજગારી આપો તેવા નારા લગાવ્યા હતાં. આ પહેલા સોમવારે વિરોધ પ્રદર્શ દરમિયાન ઉમેદવારો દ્વારા તેમની ડિગ્રીઓ વેચવા કાઢવામાં આવી હતી અને ગત રવિવારે સરકારને સદબુદ્ધિ આપવાની માંગણી કરતો પત્ર ભગવાન શ્રીરામને પાઠવવામાં આવ્યો હતો. આ સાથે જ્યાં સુધી સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે ત્યાં સુધી લડત ચાલુ રખાશે તેમ જણાવ્યુ હતું. પાટનગરમાં સત્યાગ્રહ છાવણી પર ન્યાયની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલા વ્યાયામ શિક્ષકો દ્વારા તેમનો અવાજ નિંભર સરકારના બહેરા કાન સુધીપહોંચાડવા માટે હાથમાં શકોરા લઈને ભીખ રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આંદોલનકારીઓએ જણાવ્યું કે યોગ અને અંગ કસરતના દાવની હકારાત્મક પ્રવૃતિથી સરકારને ફેર નહીં પડવાથી ભીખ માંગવાની નકારાત્મકાનું પ્રદર્શન કરવા માટે મજબુર બન્યા હતાં.દોઢ દાયકાથી વ્યાયામ શિક્ષકોની ભરતી જ નહી કરવામાં આવ્યા બાદ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ખેલ સહાયક નામે ૧૧ માસના કરાર આધારિત કોઈ સલામતી વગર નોકરીએ રાખવાની યોજના અમલી કરીને પ્રાથમિકથી લઈને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના બાળકોની સાથે વ્યાયામ શિક્ષક તરીકેની કારકિર્દી ઘડવા માટે બેચલરથી લઈને પીએચડી સુધીની ડિગ્રી મેળવ્યા બાદ સરકારી ખેલ અભિરૂચી કસોટીઓ પણ પાસ કરી લેનારા હજ્જારો વ્યાયામ શિક્ષકોના ભવિસ્ય પર પૂર્ણ વિરામ મુકી દેવામાં આવ્યું છે. તેમ જણાવતાં સત્યાગ્રહ કરી રહેલા વ્યાયામ શિક્ષકો દ્વારા ૨૩ દિવસથી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

## કાર વાંકી ચૂકી આવી રહ્યું હોવાથી પોલીસને શંકા પડી હતી

# વડોદરાના ગોરવામાં ડ્રીન્ક એન્ડ ડ્રાઈવનો કેસ, મધરાતે વાંકીચૂકી કાર હંકારતો યુવક ઝડપાયો

### પોલીસે કારને આંતરી ચેક કરતા કારચાલક દારૂના નશામાં જણાઈ આવ્યો હતો

| પ્રતિનિધિ, વડોદરા, તા.૯ |

વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી ફુલ સ્પીડે વાહન ચલાવી એક્સિડન્ટ કરવાના બનાવ બની રહ્યા હોવાથી પોલીસ દ્વારા આવા બનાવો રોકવા માટે વાહનચાલકોને તપાસવામાં આવી રહ્યા છે. ગોરવા પોલીસની ટીમ ગઈકાલે મધરાતે આનંદવન કોમ્પલેક્ષ પાસે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એક કાર વાંકી ચૂકી આવી રહ્યું હોવાથી પોલીસને શંકા પડી હતી. પોલીસે કારને આંતરી ચેક કરતા કારચાલક દારૂના નશામાં જણાઈ આવ્યો હતો. પોલીસની પૂછપરછમાં યુવકનું નામ અંકિત ઘનશ્યામભાઈ પટેલ રહે- જય શ્રી નારાયણ નગર, અરુણાચલ રોડ, સુભાનપુરા હોવાનું ખૂલ્યું હતું. જેથી તેની કાર કબજે લઈ ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના કેસમાં અટકાયત કરવામાં આવી હતી. વડોદરામાં છેલ્લા કેટલાક સમયથી ફુલ સ્પીડે વાહન ચલાવી એક્સિડન્ટ કરવાના બનાવ બની રહ્યા હોવાથી પોલીસ દ્વારા આવા બનાવો રોકવા માટે વાહનચાલકોને તપાસવામાં આવી રહ્યા છે. ગોરવા પોલીસની ટીમ ગઈકાલે મધરાતે આનંદવન કોમ્પલેક્ષ પાસે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એક કાર વાંકી ચૂકી આવી રહ્યું હોવાથી પોલીસને શંકા પડી હતી.

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


## ભાજપ નેતાએ દારૂ પીને મચાવ્યો હોબાળો, પાર્ટીએ લઈ લીધું રાજીનામું

| પ્રતિનિધિ, ગીરસોમનાથ, તા.૯ |

દારૂ પીધા પછી રમખાણો કરવાના આરોપસર પોલીસે તાલાલા શહેર ભાજપ પ્રમુખ સુનીલ રમણ ગંગદેવની ધરપકડ કરી હતી અને જેલમાં મોકલી દીધા હતા. આ ઘટનાથી ભાજપઁ કાર્યકરોમાં ખળભળાટ મચી ગયો છે. હવે આ ભાજપ નેતાએ રાજીનામું આપી દીધું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, તાલાલા શહેરના વીરપુર રોડ પર આવેલી સોમનાથ સોસાયટીમાં નાના બાળકો રમી રહ્યા હતા. ત્યાંથી પસાર થતી વખતે તાલાલા ભાજપ પ્રમુખે બાળકો સાથે દુર્વ્યવહાર કર્યો, પરંતુ રઈસ રુચિતભાઈએ તેમને દુર્વ્યવહાર કરતા અટકાવ્યા. ગુસ્સે ભરાયેલા પ્રમુખે રુચિત પર બેટથી હુમલો કર્યો અને તેને બચાવવા આવેલી એક મહિલા સહિત ત્રણ લોકો પર હુમલો કર્યો.

## ઓસ્ટ્રેલિયામાં ગુજરાતી યુવાનની ક્રૂર હત્યા, તપાસ શરૂ, પરિવારમાં આક્રંદ

| પ્રતિનિધિ, નવસારી, તા.૯ |

ઓસ્ટ્રેલિયામાં તાજેતરના વર્ષોમાં ભારતીયો વિરુદ્ધ ગુનાઓની ઘટનાઓમાં વધારો થયો છે. હવે મેલબોર્નથી પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. અહીં એક ગુજરાતી યુવકની ક્રૂરતાથી હત્યા કરવામાં આવી છે. યુવક સાથે બનેલી ઘટનાની માહિતી મળતાં પીડિત પરિવારમાં શોકનો માહોલ છે. મૃતકની ઓળખ મિહિર દેસાઈ તરીકે થઈ છે.મિહિર દેસાઈ મેલબોર્નના બરવુડ વિસ્તારમાં રહેતા હતા અને મૂળ ગુજરાતના નવસારીના બિલીમોરાના વતની હતા. મિહિરની હત્યા તેના જ રૂમમેટ દ્વારા કરવામાં આવે છે. હાલમાં, હત્યા પ ાછળના કારણો હજુ સુધી બહાર આવ્યા નથી. ઘટનાની માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ અને આરોગ્ય વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જોકે, ગંભીર ઈજાઓને કારણે મિહિરનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે આ કેસમાં તાત્કાલિક કાર્યવાહી કરી અને નજીકના ઘરમાંથી ભારતીય મૂળના ૪૨ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી.

### કેન્દ્ર સરકારે ગુજરાત રાજ્યમાં

# હાઈવે પ્રોજેક્ટ માટે ૧૨૭૧.૦૨ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી

## રાજ્ય ધોરીમાર્ગને ગ્રેડ-સેપરેટેડ સ્ટ્રક્ચર, ૮ મોટા પુલ અને ૧૦ બાયપાસ સાથે અપગ્રેડ કરવાની વાત કરી

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ |

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વિકાસ માટે શક્ય તમામ કામગીરી કરવામાં આવી રહી છે. આ માટે રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને રોડ કનેક્ટિવિટી પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે, ત્યાં ગુજરાત સરકાર રાજ્યના વિવિધ શહેરો વચ્ચે રોડ કનેક્ટિવિટી મજબૂત કરી રહી છે. જ્યારે, કેન્દ્ર સરકાર પણ ગુજરાતમાં રોડ કનેક્ટિવિટી સુધારવામાં રાજ્ય સરકારને મદદ કરી રહી છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે ગુજરાતમાં હાઈવે પ્રોજેક્ટ માટે ૧૨૭૧.૦૨ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તેમની સોશિયલ મીડિયા પોસ્ટ પર આ જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં ૧૨૭૧.૦૨ કરોડના ખર્ચે હાઈવે પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ગુજરાતના પોરબંદર, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નેશનલ હાઈવે-૧૫૧દ્નના પોરબંદર-ભાણવડ-જામ જોધપુર-કાલાવડના સમગ્ર ૧૧૯.૫૦ કિમીના પટ્ટાને રૂ. ૧૨૦ કરોડના ખર્ચે પ ાકા રોડ સાથે ૨-લેનમાં અપગ્રેડ કરવાની મંજૂરી આપવામાં આવી છે.આ પ્રોજેક્ટેડ રસ્તો પોરબંદર નજીક નેશનલ હાઈવે-૫૧ સાથે પોરબંદર જંકશનથી શરૂ થાય છે અને ભાણવડ, જામ જોધપુરને જોડે છે અને કાલાવડ નજીક નેશનલ હાઈવે-૯૨૭ડી



સાથે કાલાવડ જંકશન પર સમાપ્ત થાય છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧૫૧કે રાજ્યના ૩ મુખ્ય રાજ્ય ધોરીમાર્ગોને જોડશે. નેશનલ હાઈવે-૧૫૧કે પોરબંદર-ખંભાળિયા, જૂનાગઢ-જામનગર અને રાજકોટ-પોરબંદર વચ્ચે કનેક્ટર તરીકે સેવા આપશે.કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તેમની જાહેરાતમાં આ રાજ્ય ધોરીમાર્ગને ગ્રેડ-સેપરેટેડ સ્ટ્રક્ચર, ૮ મોટા પુલ અને ૧૦ બાયપાસ સાથે અપગ્રેડ કરવાની વાત કરી છે. તેમણે કહ્યું કે આનાથી ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારને વધુ સારી કનેક્ટિવિટી મળશે. ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વિકાસ માટે શક્ય તમામ કામગીરી કરવામાં આવી રહી છે. આ માટે રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ મેન્ટ અને રોડ કનેક્ટિવિટી પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે, ત્યાં ગુજરાત સરકાર રાજ્યના વિવિધ શહેરો વચ્ચે રોડ કનેક્ટિવિટી મજબૂત કરી રહી છે. જ્યારે, કેન્દ્ર સરકાર પણ ગુજરાતમાં રોડ કનેક્ટિવિટી સુધારવામાં રાજ્ય સરકારને મદદ કરી રહી છે.

## ગુજરાતના ખેડૂતો માટે રાહતના સમાચાર સિંચાઈ માટે એક મહિનો વહેલું પાણી મળશે

| પ્રતિનિધિ, નર્મદા, તા.૯ |

નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો આગોતરૂં આયોજન કરીને પાકનું વાવેતર અને ઉત્પાદન વધારી શકે તે માટે મુખ્યમંત્રીએ આ વર્ષે આ વિસ્તારમાં જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી એક મહિનો વહેલું એટલે કે ૧૫ મે, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો છે. સામાન્ય રીતે સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં ખરીફ સિઝન માટે ૧૫ જૂન પછી પાણી છોડવામાં આવતું હોય છે. ખેડૂતોને જો સિંચાઈ માટે વહેલું પાણી આપવામાં આવે તો તેઓ વધુ ઉત્પાદન મેળવીને આર્થિક રીતે વધુ સક્ષમ બની શકે. કિસાન હિતકારી નિર્ણયને પગલે ખેડૂતો ખાસ કરીને કપાસ જેવા પાકોનું આગોતરૂં આયોજન ખેડૂતો કરી શકશે. એટલું જ નગી, ઉત્પાદન વધારા માટે આગોતરી વાવણી પણ કરી શકશે. આ ખેડૂત હિતકારી નિર્ણયથી સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારના આશરે ૧૩ લાખ ધરતીપુત્રોને સિંચાઈ સુવિધાનો સીધો લાભ મળશે. પાક વહેલો થવાથી તેમને બજારમાં સારી ઉત્પાદન કિંમત મળશે તેમજ વધુ ઉત્પાદન થતા ખેડૂતોની આવકમાં પણ વૃદ્ધિ થશે. નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો આગોતરૂં આયોજન કરીને પાકનું વાવેતર અને ઉત્પાદન વધારી શકે તે માટે મુખ્યમંત્રીએ આ વર્ષે આ વિસ્તારમાં જરૂરિયાત મુજબ સિંચાઈનું પાણી એક મહિનો વહેલું એટલે કે ૧૫ મે, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કર્યો છે.

### ફરિયાદીના તરફેણમાં કામગીરી કરવા માટે ફરિયાદી અને તેમના ડોક્ટર મિત્ર પાસે ૩૦ લાખ રૂપિયાની મસમોટી લાંચ માંગી હતી

# અમદાવાદ શહેરમાંથી બે અધિકારીઓ ૧૫ લાખની લાંચ લેતા ઝડપાયા | એસીબીએ ટ્રેપ ગોઠવી રંગે હાથ દબોચ્યા

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ |

રાજ્યમાં ભ્રષ્ટાચારી બાબુઓ અવાર-નવાર લાંચ લેતાં પકડાતા હોય છે. ત્યારે એન્ટિ કરપ્શન બ્યુરો દ્વારા છટકું ગોઠવી લાંચિયા આરોગ્ય અધિક સચિવ દિનેશ પરમાર અને નિવૃત્ત ડીન ગિરીશ પરમારને લાંચ લેતા રંગહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. ફરિયાદીના તરફેણમાં કામગીરી કરવા માટે ફરિયાદી અને તેમના ડૉક્ટર મિત્ર પાસે ૩૦ લાખ રૂપિયાની મસમોટી લાંચ માંગી હતી. ત્યારે ફરિયાદએ એન્ટી કરપ્શન બ્યુરોને જાણ કરી હતી અને આરોપીને ૧૫ લાખની રકમ એડવાન્સ પેટે સ્વીકારતા ઝડપી પાડ્યા હતા. ફરિયાદી જેઓ અગાઉ ભાવનગર ખાતે નાયબ નિયામક (આરોગ્ય અને તબીબી સેવાઓ) તરીકે ફરજ બજાવતા હતા. તે દરમિયાન તેઓના દ્વારા આરોગ્ય વિભાગનાં સ્ટાફ સામે બોગસ મેડિકલ પ્રેક્ટિસ બાબતે શિક્ષાત્મક કાર્યવાહી કરી હતી. જેથી ફરિયાદી સામે ખંડણી માંગણીની ફરિયાદ કમિશનર આરોગ્ય વિભાગને કરવામાં આવી હતી અને ફરિયાદી તથા તેઓના સાથી ડોકટરને ફરજ મોકુફ પર ઉતારી દેવામાં આવ્યા હતા. આ સમયગાળા દરમ્યાન ગિરીશભાઈ જેઠાલાલ પરમાર જે સરકારી ડેન્ટલ કોલેજ, અસારવા અમદાવાદ ખાતેના નિવૃત્ત ડીન હતા. તેમણે ફરિયાદીનો સંપર્ક કરીને ફરિયાદી તથા તેમના સાથી ડોકટર બન્ને વિરૂદ્ધની પ્રાથમિક તપાસનાં કામે તરફેણમાં કાર્યવાહી કરાવવા માટે દીનેશભાઈ પરમાર, અધીક સચીવ (તપાસ), વર્ગ-૧ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે મીટિંગ કરવા બોલાવ્યા હતા. જેથી ફરિયાદી અને તેમના સાથી ડોકટર મિત્ર ગાંધીનગર ખાતે જઈને ગિરીશ પરમાર અને દિનેશ પરમારને રૂબરૂમાં મળી વાતચીત કરી હતી.

આ દરમિયાન બન્ને આરોપીઓએ તેમની પાસેથી રૂ. ૩૦,૦૦,૦૦૦/- ની લાંચની માંગણી કરી હતી. જેમાં તે પૈકી રૂ.૧૫,૦૦,૦૦૦/- એડવાન્સ અને બાકીના ફરિયાદીનું કામ થઈ ગયા પછી આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ આરોપી ગિરીશ પરમાર ફરિયાદીને ટેલીફોન કરી નાણાંની માંગણી કરતા હતા. પ રંતુ ફરિયાદી લાંચનાં નાણાં આપવા માંગતા ના હોઈ એસીબીનો સંપર્ક કરી ફરિયાદ આપતા લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રેપ દરમ્યાન ગિરીશ પરમારે શાહીબાગ અમદાવાદ ખાતે ફરિયાદીને પોતાના ઘરે લાંચનાં નાણાં આપવા બોલાવ્યા હતા.

આ દરમિયાન ફરિયાદી સાથે નક્કી થયેલા વાયદા મુજબ એડવાન્સ પેટે ૧૫ લાખ રૂપિયા સ્વીકારતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા. રાજ્યમાં ભ્રષ્ટાચારી બાબુઓ અવાર-નવાર લાંચ લેતાં પકડાતા હોય છે. ત્યારે એન્ટિ કરપ્શન બ્યુરો દ્વારા છટકું ગોઠવી લાંચિયા આરોગ્ય અધિક સચિવ દિનેશ પરમાર અને નિવૃત્ત ડીન ગિરીશ પરમારને લાંચ લેતા રંગહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા.

## અમદાવાદના શાહપુરમાં ફરીથી એમડી, ૧૫ ગ્રામનો રૂ. ૧.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ |

અમદાવાદના શાહપુરમાં ફરીથી એમડી ડ્રગ્સ ઝડપાયું છે. અમદાવાદ એસઓજી ક્રાઈમ બ્રાન્ચે ૧૫ ગ્રામનો રૂ. ૧.૯૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એસઓજીની ટીમને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી, જેના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. આ મામલે આરોપી સાહિદ શેખની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આ જથ્થો સાહિદ શેખની એક્ટિવાની ડિક્કીમાંથી ઝડપ્યો હતો.અમદાવાદમાં એસઓજીની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન તેને બાતમી મળી હતી કે શાહપુરમાં એક સ્કૂટીમાં એમડી ડ્રગ્સના જથ્થા સાથે એક વ્યક્તિ ઊભો છે, આ બાતમીના આધારે એસઓજી તરત જ ત્યાં પહોંચી ગઈ હતી. તેણે બાતમીદારો દર્શાવેલા ખાસ સંકેતો પરથી આરોપી સાહિદ શેખને ઓળખી કાઢ્યો હતો.પકડાયેલ આરોપી કેટલાય સમયથી એમડી ડ્રગ્સના હેરાફેરી કરતો હતો. આમ આરોપી ડ્રગ પેડલર હતો. શાહપુર પોલીસે ગુનો નોંધીને આ કેસમાં વધારે તપાસ શરૂ કરી છે. તેની સાથે તેને ડ્રગ્સ કોણે આપ્યુ અને તેણે ક્યાં-ક્યાં પહોંચાડવાનું હતું તેની જાણકારી મેળવવા માટે તેને પોલીસ કસ્ટડીમાં લીધો છે. આગામી દિવસોમાં તેને રિમાન્ડ પર પણ લેવામાં આવી શકે છે.

## મહેસાણામાં વ્યક્તિએ ક્રિકેટ ટીમનો સિલેક્ટર હોવાનું કહી ૯૦ હજાર રૂપિયા પડાવ્યા

| પ્રતિનિધિ, મહેસાણા, તા.૯ |

ગુજરાતમાં ખાદ્ય પદાર્થોથી લઈને કોર્ટ અને અધિકારીઓ સુધી નકલી વસ્તુઓ વારંવાર જોવા મળે છે. આવો જ એક કિસ્સો ફરી પ્રકાશમાં આવ્યો છે. જેમાં રાજ્યમાં એક નકલી ક્રિકેટ પસંદગીકારનો પર્દાફાશ થયો છે. આ ક્રિકેટ પસંદગીકારે ગોંડલના મામલતદાર સહિત પાંચ લોકોને આંતરરાષ્ટ્રીય ક્રિકેટનું સ્વપ્ન બતાવીને લગભગ ૯૦ હજાર રૂપિયા પડાવી લીધા હતા. હાલમાં પોલીસે આ મામલે ફરિયાદ નોંધી છે અને તપાસ કરી રહી છે.પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રગ્નેશ બારાહેતે નામના વ્યક્તિએ મહેસાણામાં લોકોને કહ્યું કે તે મેઘાલય ક્રિકેટ એસોસિએશનમાં પસંદગીકાર છે. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી શકીશ તેમ કહીને ટિકિટના રૂપમાં ૯૦ હજાર રૂપિયા વસૂલ્યા હતા. આ વ્યક્તિએ મેઘાલય ક્રિકેટ એસોસિએશનની પસંદગીની નકલી સૂચના પણ બતાવી અને ગોંડલના મામલતદાર સહિત પાંચ લોકો સાથે છેતરપિંડી કરી. સમગ્ર મામલાની માહિતી મળતાં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બેટિંગ કોચ અને મેહુલ ધોળકિયાએ આ મામલે પોલીસ કમિશનરને ફરિયાદ નોંધાવી છે.ફરિયાદી મેહુલ ધોળકિયાએ આ કેસમાં જણાવ્યું હતું કે પ્રગ્નેશભાઈ નામના વ્યક્તિએ મને ૧૬ ફેબ્રુઆરીની આસપાસ ફોન કર્યો હતો.




ગુજરાતમાં ૧૩ શહેરોમાં ૪૦ ડિગ્રીને પાર

# અગન જ્વાળા પર શેકાયું ગુજરાત । ૭ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ! બેમાં તો યલો

## ગુજરાતમાં આ દિવસોમાં કાળઝાળ ગરમીએ લોકોનું જીવન મુશ્કેલ બનાવી દીધું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

ગુજરાતમાં આ દિવસોમાં કાળઝાળ ગરમીએ લોકોનું જીવન મુશ્કેલ બનાવી દીધું છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦-૪૪ ડિગ્રીએ પહોંચી ગયું છે. આ સિવાય હવામાન વિભાગે અનેક શહેરોમાં તીવ્ર ગરમી અને હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે કચ્છ સહિત અનેક વિસ્તારોમાં હીટવેવની શક્યતા છે. આગામી ૨૪ કલાક સુધી રાજ્યમાં ગરમીમાંથી કોઈ મોટી રાહત નહીં મળે. આ પછી રાજ્યમાં તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. કચ્છ, ઉત્તર ગુજરાત અને મોરબી, રાજકોટમાં હીટ વેવને કારણે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.



કચ્છ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં ભારે ગરમીની સ્થિતિ યથાવત રહી હતી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના બનાસકાંઠા, ગાંધીનગર, રાજકોટ અને ભાવનગર જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં પણ હીટ વેવની સ્થિતિ યથાવત રહી હતી. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં દિવસના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જ્યારે અન્ય વિસ્તારોમાં કોઈ ખાસ ફેરફાર થયો ન હતો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના નથી. જો કે આ પછી રાજ્યભરમાં તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં તાપમાન ૪૧ થી ૪૫ ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા છે. હીટ વેવની અસર ૯મી એપ્રિલે પણ જોવા મળી શકે છે. રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૯ થી ૧૦ એપ્રિલ દરમિયાન ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની શક્યતા છે.

કચ્છ, મોરબી, રાજકોટ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠામાં ૯મી એપ્રિલે ગરમીના કારણે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બનાસકાંઠા અને સાબરકાંઠામાં ૧૦ એપ્રિલે હીટ વેવને કારણે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ગુજરાતમાં ભુજનું તાપમાન ૪૩ ડિગ્રી, નલિયામાં ૩૮, કંડલા (પોર્ટ) ૩૯, કંડલા (એરપોર્ટ) ૪૫, અમરેલીમાં ૪૪, ભાવનગરમાં ૪૧, દ્વારકામાં ૩૨, ઓખામાં ૩૩, પોરબંદરમાં ૩૪, સુરેન્દ્રનગરમાં ૩૪, સુરેન્દ્રનગરમાં ૩૪ ડિગ્રી નોંધાયું હતું. ૪૪, મહુવામાં ૪૦, કેશોદમાં ૪૨, અમદાવાદમાં ૪૩, ડીસામાં ૪૩, ગાંધીનગરમાં ૪૩, વલ્લભવિદ્યાનગરમાં ૪૧, બરોડામાં ૪૨, સુરતમાં ૪૦ અને દમણમાં ૩૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ગુજરાતમાં આ દિવસોમાં કાળઝાળ ગરમીએ લોકોનું જીવન મુશ્કેલ બનાવી દીધું છે.

રાજ્યના મોટાભાગના શહેરોમાં તાપમાન ૪૦-૪૪ ડિગ્રીએ પહોંચી ગયું છે. આ સિવાય હવામાન વિભાગે અનેક શહેરોમાં તીવ્ર ગરમી અને હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે કચ્છ સહિત અનેક વિસ્તારોમાં હીટવેવની શક્યતા છે. આગામી ૨૪ કલાક સુધી રાજ્યમાં ગરમીમાંથી કોઈ મોટી રાહત નહીં મળે. આ પછી રાજ્યમાં તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે.

મ્યુનિ.સંચાલિત હોસ્પિટલોમાં હીટ રીલેટેડ કેસના દર્દીઓને સારવાર આપવા અલાયદી વ્યવસ્થા કરાઇ

# હીટ એક્શન પ્લાન અંતર્ગત અમદાવાદના ૭૦ ટ્રાફિક સિગ્નલ બપોરના સમયે બંધ રાખવા નિર્ણય

। પ્રતિનિધિ, પાટણ, તા.૮ ।

અમદાવાદ મ્યુનિ.ના હીટ એકશન પ્લાન અંતર્ગત શહેરના ૭૦ ટ્રાફિક સિગ્નલ બપોરના સમયે બંધ રાખવા નિર્ણય કરાયો છે. મ્યુનિ.સંચાલિત હોસ્પિટલોમાં હીટ રીલેટેડ કેસના દર્દીઓને સારવાર આપવા અલાયદી વ્યવસ્થા કરાઈ છે.શહેરના મહત્તમ તાપમાનમાં વધારો થતા મ્યુનિ.ના હીટ એકશન પ્લાન સંદર્ભમાં મેયરની અધ્યક્ષતામાં વિવિધ સ્વૈચ્છીક સંસ્થા,એસોશિએશનની બેઠક મળી હતી. અમદાવાદ મ્યુનિ.તરફથી તમામ અર્બન અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, એ.એમ.ટી.એસ તથા બી.આર.ટી.એસ બસ સ્ટોપ ખાતે પીવાના પાણી, ઓ.આર.એસ.ના પેકેટની વ્યવસ્થા કરાઈ છે.મ્યુનિ.શાળાઓના સમયમાં ફેરફાર કરાયો છે. શહેરના ૭૦ જેટલા ટ્રાફિક સિગ્નલ બપોરના સમયે ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરી બંધ રાખવા અંગે નિર્ણય કરાયો છે.બપોરના સમયે ગરમીનુ પ્રમાણ વધુ હોવાથી સરળતાથી વાહન ચાલકો અવરજવર કરી શકે એ માટે ટ્રાફિક સિગ્નલ બંધ રખાશે. શહેરના વિવિધ વિસ્તારોમાં ૬૦૦ જેટલી પીવાના પાણીની પરબ શરુ કરવામાં આવી છે.અમદાવાદ મ્યુનિ.ના હીટ એકશન પ્લાન અંતર્ગત શહેરના ૭૦ ટ્રાફિક સિગ્નલ બપોરના સમયે બંધ રાખવા નિર્ણય કરાયો છે. મ્યુનિ. સંચાલિત હોસ્પિટલોમાં હીટ રીલેટેડ કેસના દર્દીઓને સારવાર આપવા અલાયદી વ્યવસ્થા કરાઈ છે.

## નવસારીની પૂર્ણા નદીમાં પાંચ ડૂબ્યાઃ ત્રણ મહિલાનો બચાવ, એકનું મોત

। પ્રતિનિધિ, નવસારી,તા.૯ ।

નવસારી નજીકના ધારાગીરી ગામ પાસે પૂર્ણા નદીમાં એક દુઃખદ ઘટના બની છે, જ્યાં ૪ મહિલાઓ અને ૧ પુરુષ નદીમાં ડૂબી ગયા છે. આ અકસ્માતમાં ત્રણ મહિલાઓને બચાવી લેવામાં આવી છે, જ્યારે એક મહિલાનું મોત થયું છે અને એક પુરુષ હજુ પણ ગુમ છે. તે એક મહિલાનો દિયરે હોવાનું સામે આવ્યું છે.આપને જણાવી દઈએ કે, ધારાગીરી ગામ નજીક પૂર્ણા નદીના ઓવારામાં ચાર મહિલાઓ કપડાં ધોવા ગઈ હતી. આ દરમિયાન એક મહિલા નદીમાં ડૂબવા લાગી. અન્ય મહિલાઓએ પણ તેને બચાવવા માટે પાણીમાં કૂદી પડી, પરંતુ તેઓ પણ ડૂબી ગયા.

મહિલાઓને ડૂબતી જોઈને, એક સ્થાનિક યુવકે તેની ભાભી સહિત મહિલાઓને બચાવવા માટે પાણીમાં કૂદી પડ્યો. પરંતુ કમનસીબે, તે યુવક પણ નદીના પ્રવાહમાં ગાયબ થઈ ગયો. નદીમાંથી પસાર થતા માછીમારોએ તાત્કાલિક પોતાની જાળ ફેંકી અને ત્રણ મહિલાઓના જીવ બચાવ્યા. મહિલાના મૃતદેહને નદીમાંથી બહાર કાઢીને નવસારી સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે.

## સુરતમાં નશાનો વેપાર કરતો આરોપી ઝડપાયો,પોલીસથી બચવા દરગાહમાં રહેતો

। પ્રતિનિધિ, સુરત, તા.૯ ।

ડ્રગ્સ મળવાના કેસો દિવસેને દિવસે વધતાં જય રહ્યા છે ત્યારે સુરતના સચિન કપલેથા ચેકપોસ્ટ પરથી ચાર મહિના પહેલા ૫૫.૪૮ લાખ રૂપિયાના સ્ઢ ડ્રગ્સ સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ ડ્રગ્સ અલ્ફાઝ ઉર્ફે ભૂરિયો ઈકબાલ ગુંડાલિયા દ્વારા મંગાવવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે પોલીસ અલ્ફાઝને શોધી રહી હતી, ત્યારે આરોપી પોલીસથી ભાગી રહ્યો હતો. તે દુબઈ, દક્ષિણ આફ્રિકા, મુંબઈ, અમદાવાદ અને પછી ધોરાજી ગયો અને બે મહિના સુધી તેની કાકીના ઘરે છુપાયો. આ અંગે માહિતી મળતાં સુરત જીંર પોલીસે ધોરાજીથી અલ્ફાઝની ધરપકડ કરી હતી.પ્રાપ્ત માહિતી અનુસાર, ૨૬/૧૧/૨૦૨૪ ના રોજ, સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે સચિન કપ્લેથા ચેકપોસ્ટ પબ્લિક રોડ પરથી આરોપી ઈરફાન ખાન મોહમ્મદ ખાન પઠાણ (રહે. સૈયદપુરા સુરત), મોહમ્મદ તોસીફ ઉર્ફે તોસીફ કોકો મોહમ્મદ ફારીક શાહ (રહે. ભરિમાતા રોડ ચોક બજાર સુરત) અને અસ્ફાક ઈર્શાદ કુરેશી (રહે. ખ્વાજા દાના દરગાહ, અઠવા, સુરત) ની ધરપકડ કરી હતી અને ૫૫.૪૮ લાખ રૂપિયાની કિંમતની ૫૫૪.૮૨ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ અને અન્ય વસ્તુઓ જપ્ત કરી હતી. તમામ આરોપીઓ સામે ડીસીબી કેસ નોંધવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો.આ ગુનામાં પકડાયેલા ડ્રગ્સનો જથ્થો અલ્ફાઝ દ્વારા મંગાવવામાં આવ્યો હતો અને પોલીસ તેને શોધી રહી હોવાથી તે દુબઈ ભાગી ગયો હતો. ત્યાંથી તેઓ દક્ષિણ આફ્રિકાના ઈથોપિયા ગયા, જ્યાં તેઓ થોડા દિવસ રોકાયા અને પછી મુંબઈ પાછા ફર્યા અને ડોંગરી વિસ્તારમાં હજરી અબ્દુલ રહેમાન શાહ બાબા દરગાહમાં રોકાયા. બાદમાં, તે ત્યાંથી પણ ભાગી ગયો અને અમદાવાદની શાહ-એ-આલમ દરગાહમાં રહેવા લાગ્યો અને પછી છેલ્લા બે મહિનાથી તે ધોરાજીમાં તેની કાકીના ઘરે છુપાઈ રહ્યો હતો.






## તંત્રી લેખ..

# દરેક સેક્ટરમાં તક છે

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક સેક્ટરમાં અનેક સારી સંભાવના રહેલી છે. બદલાઇ રહેલા બિઝનેસના માહોલમાં પુરતા લાભ લેવા માટે કર્મચારીને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોઇ પણ કર્મચારીને હાલમાં સમયની સાથે અને બિઝનેસના બદલાઇ રહેલા સમયની સાથે આગળ વધવાની જરૂર હોય છે. ભવિષ્યમાં કંપની અને કર્મચારી બન્નેની સફળતા આ બાબતની સાથે નક્કી થશે કે નવા વર્ક પ્લેસની જરૂરિયાતને તમે કઇ રીતે પૂર્ણ કરી રહ્યા છો. તાજેતરના સમયમાં જુદા જુદા સેક્ટરમાં ફેરફાર થઇ રહ્યા છે. કર્મચારીઓને આના માટે તૈયારી કરી લેવી જોઇએ. બેકિંગ અને ફાયનાન્સિયલ સેક્ટરમાં કામ કરી રહેલા કર્મચારીઓ માટે સૌથી જરૂરી બાબત એ છેકે તેઓ ઝડપથી બદલાઇ રહેલા ડિજિટલ ટેકનોલોજી ઈકો સિસ્ટમમાં પોતાની પ્રોફેશનલ નોલેજને સારી રીતે વધારે. સાથે સાથે સ્કિલ પર ધ્યાન કેન્દ્રિત કરે. કસ્ટમર એક્સપિરિયન્સ ટ્રાન્સફોર્મેશન માટે મલ્ટીપલ સિસ્ટમની સાથે કોલાબરેશન કરવાની ક્ષમતા વિકસિત કરવાની જરૂર છે. વર્યુઅલ રિયાલિટી, મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , સાયબર સિક્યોરિટી , બિગ ડેટા, એડવાન્સ્ડ એનાલિટિક્સ, ડિજિટલ માર્કેટિંગ, ઈન્ટરનેટ ઓફ થિગ્સ, રોબોટિક્સ, પ્રોસેસ ઓટોમેશનજેવા ક્ષેત્રમાં સ્કિલને વધારી દેવાનો સમય આવી ગયો છે. એફએફસીજી અને રિટેલ ક્ષેત્રમાં પણ માહોલ બદલાઇ રહ્યો છે. બિઝનેસનો માહોલ હમેંશા બદલાતો રહે છે. આવી સ્થિતીમાં એક કુશવ કર્મચારીને હમેંશા નવી નવી સ્કીલમાં વધારેને વધારે ધ્યાન આપવાની જરૂર હોય છે. આ સેક્ટરના તમામ કર્મચારીઓને પોતે પોતાના મુલ્યાંકન પર ધ્યાન આપવુ જોઈએ. પોતાની તાકાત અને અપેક્ષા વચ્ચે તાલમેલ બેસાડી દેવા માટેના પ્રયાસો કરવા જોઈએ. ગ્રાહકો સાથે મજબુત પર્સનલ સંબંધ સ્થાપિત કરવાની આ ક્ષેત્રમાં જરૂર હોય છે. રિટેલ અને એફએમસીજીના સેક્ટરમાં ઈનોવેશન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તે પણ જરૂરી છે. ફંક્શનલ અને લીડરશિપ ક્વાલિટી વિકસિત કરવાની જરૂર હોય છે. કર્મચારીને હમેંશા કોર સ્કિલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. પોતાની કુશળતા કેટલી છે તે બાબત અંગે નિર્ણય લઈને પોતાના લક્ષ્ય નક્કી કરવા જોઈએ. ફાર્મા સેક્ટરની વાત કરવામાં આવે તો તેની સામે નવા પડકારો આવી રહ્યા છે. વર્તમાન નિયામક પડકારોના દોરમાં ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ રિ ઈન્વેશનના દોરમાંથી પસાર થાય છે. યુએસએફડીએ દ્વારા નિરીક્ષણની સંખ્યા વધારી દેવામાં આવ્યા બાદ મેન્યુફેકચરિંગ કામગીરી પર ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઇ રહી છે. આના માટે કેટલાક ઉદેશ્ય નક્કી કરીને આગળ વધવામાં આવે તે જરૂરી છે. આ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરવા માટે લેટેસ્ટ મેનેજમેન્ટ ટુલ્સ અને ડેટા એનાલિટિક્સ પર ધ્યાન આપવાની હવે જરૂર છે. રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પર ખાસ ધ્યાન આપવાની જરૂરિયાત દેખાઇ રહી છે. પ્રોજેક્ટ મેનેજમેન્ટને સમજીને સ્કિલ્સની દિશામાં આગળ વધવાની જરૂરિયાત દેખાઇ રહી છે. નવી નવી ટેકનોલોજીને વહેલી તકે સ્વીકાર કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે.



### વારંવાર સ્માર્ટ ફોન ન બદલવા માટે નિષ્ણાંતો કહે છે કારણ કે...

**પૃથ્વીના પર્યાવરણને જે રીતે નુકસાન થઇ રહ્યુ છે તે રીતે તમામ મુદ્દા પર વાત કરી હતી એમ માનવામાં આવે છે કે આગામી વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૩ સુધી દુનિયામાં આશરે પાંચ અબજ લોકોની પાસે સ્માર્ટ ફોન થઇ જશે**

# ફોન નિર્માણથી પર્યાવરણને નુકસાન

**૨૦૨૩ સુધી વિશ્વમાં સ્માર્ટ ફોનનો ઉપયોગ કરનારની સંખ્યા ૫ અબજ લોકો સુધી પહોંચી જશે : હેન્ડસેટ નિર્માણમાં દુર્લભ ચીજોનો ઉપયોગ**

સ્માર્ટ ફોન વારંવાર બદલી નાંખવા માટેની ટેવ બદલવી પડશે. સ્માર્ટ ફોન વગર આજે કોઇને ચાલી શકે તેમ નથી. લોકો નવા ફિચરવાળા હેન્ડસેટ ખરીદવા માટે નિયમિત રીતે પોતાના મોબાઇલ સેટ બદલતા રહે છે. પરંતુ સામાન્ય લોકોને આ અંગે માહિતી નથી કે એક સ્માર્ટ ફોનનુ નિર્માણ અમારા પર્યાવરણ પર કેટલુ નુકસાન કરે છે. કંન્ઝર્વેશન પત્રીકામાં પ્રકાશિત કરવામાં આવેલા હાલના લેખમાં કેટલાક વૈજ્ઞાનિકો દ્વારા સ્માર્ટ ફોનના નિર્માણના કારણે પૃથ્વીને લઇને રહેલા નુકસાનની વાત કરી છે. પૃથ્વીના પર્યાવરણને જે રીતે નુકસાન થઇ રહ્યુ છે તે રીતે તમામ મુદ્દા પર વાત કરી હતી. એમ માનવામાં આવે છે કે આગામી વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૩ સુધી દુનિયામાં આશરે પાંચ અબજ લોકોની પાસે સ્માર્ટ ફોન થઇ જશે. હેન્ડસેટના નિર્માણમાં ખુબ જ દુર્લભ અને કિંમતી ચીજોનો ઉપયોગ કરવામાં આવે છે. તેના વગર સ્માર્ટ ફોનની મહત્વપૂર્ણ ટેકનોલોજિકલ ફિચરની કલ્પના કરી શકાય નહીં. આમાં ઉપયોગ કરવામાં આવતી ચીજો અંગે ખુબ ઓછા લોકોને માહિતી છે. જો કે ટર્બિયમ ૧૪ ટકા અને તાંબાનો સાત ટકા પ્રયોગ આમાં કરવામાં આવે છે. લોખંડનો ઉપયોગ સ્પીકર, માઈક્રોફોનો અને સ્ટેનલેસ સ્ટીલના ફ્રેમમાં થાય છે. એલ્યુમિનિયમનો ઉપયોગ સ્ટેનલેસ



સ્ટીલ ના વિકલ્પ ઉપરાંત સ્માર્ટફોનના સ્ક્રીનમાં ઉપયોગી મજબુત ગ્લાસના નિર્માણ માટે કરવામાં આવે છે. જ્યારે તાંબાનો ઉપયોગદ ઇલેક્ટ્રોનિક વાયરિંગમાં કરવામાં આવે છે. આ ચીજોને પૃથ્વીમાંથી કાઢતી વેળા કેટલાક ઠોસ અને પ્રવાહી ચીજો પણ બહાર નિકળે છે. જેને માઈન ટૈલિગ્સ પણ કહેવામાં આવે ચે. બ્રાજિલમાં બેન્ટો રોડ્રિગ્સ ગામ નવેમ્બર ૨૦૧૫માં આ ઝેરી કચરાની નીચે દબાઇ જતા અંધાધુંધી ફેલાઇ ગઇ હતી. આવી જ રીતે મિનાસ ગેરાઈસ સ્થિત એક લોખંડની ખાણ પર બંધ તણાઈ જવાના કારણે ૩.૩ કરોડ ઘન મીટર લોખંડ વહીને ડોસ નદીમાં પહોંચી જતા ભારે નુકસાન થયુ હતુ. આસપાસના કેટલાક ગામો જળબંબાકાર થઇ ગયા હતા. જેમાં ૨૦ લોકોના મોત પણ થઇ ગયા હતા. આ ચીજો ૬૫૦ કિલોમીટરના વિસ્તારમાં ફેલાઇ જતા કેટલાક નવા પડકારો સર્જાયા હતા. જાણકાર નિષ્ણાંતો કહે છે કે જે રીતે નવી નવી ટેકનોલોજીની ભુખ વધશે તેમ તેમ કચરાને રોકનાર બંધની સંખ્યા વધી જશે. કદમાં પણ વધારો થશે. બંધ તુટી જવાનો ખતરો પણ રહેશે. સ્માર્ટ ફોનમાં કનેક્ટર બનાવવા માટે સોનાની જરૂર પડે છે. જો કે દક્ષિણ અમેરિકામાં સોનાની ખાણ પ્રવૃતિના કારણે અમેઝોનના વન્ય વિસ્તાર સાફ થઇ રહ્યા છે. સોનાની ખાણ પ્રવૃતિના કારણે ઝેરી ચીજો બહાર આવી રહી છે. આ ઝેરી ચીજો પીવાના પાણી અને માછળીના અસ્તિત્વની સામે ખતરારૂપ છે. માનવ આરોગ્ય માટે પણ પડકારરૂપ છે. નિષ્ણાંતો કહે છે કે ઈલેક્ટ્રોનિક્સમાં સોલ્જરિગ માટે ટિનનો ઉપયોગ કરવામા આવે છે. સ્માર્ટફોનની સ્ક્રીન પર ઈન્ડિયન ટિન ઓક્સાઈડની પાતલી પારદર્શી પરત હોય છે. જે ટચ સ્ક્રીન માટે ઉપયોગી હોય છે. ઈન્ડોનેશિયાના બાંગ્કા અને આસપાસના વિસ્તારમાં ટિનની ખાણ પ્રવૃતિ ચાલી છે. આના કારણે કિંમતી ઈકોસિસ્ટમ નષ્ટ થઇ રહ્યા છે. અનેક દુર્લભ ચીજોનો ઉપયોગ સ્માર્ટ ફોનની કલ્પના કરી શકાય નહીં. આમાંથી મોટા ભાગની વસ્તુઓ ખાણ પ્રવૃતિ મારફતે બહાર નિકળે છે. સ્માર્ટ ફોનની ડિઝાઇન અને ફકશનમાં આનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. સ્માર્ટફોનના સ્પીકરો, માઈઉક્રો ફોનો અને વાયબ્રેશન માટે જરૂરી શક્તિશાળી મોટરો અને ચુમ્બકનનુ નિર્માણ નિયોડાઈમિયમ, ડિસ્પ્રોસિયમ નામના રેયર અર્થચીજો માટે કરવામાં આવે છે. નવેસરના અંદાજ મુજબ આગામી ૩૦તી ૫૦ વર્ષમાં ટર્બિયમ અને ડિસ્પ્રોસિયનુ સંકટ સર્જાઇ જશે. સ્માર્ટ ફોન વગર હવે કોઈને ચાલે તેમ નથી. તેના વગર લાઇફની કલ્પના કરવી મુશ્કેલ હોય છે. બીજી બાજુ સ્માર્ટ ફોન અને મોબાઈલના કારણે પર્યાવરણ અને જુદી જુદી જાતિઓના પક્ષીઓને થઇ રહેલા નુકસાનના સમાચાર વારંવાર આવતા રહે છે. પર્યાવરણને મોબાઈલની કિરણોના કારણે નુકસાન થઇ રહ્યુ છે. કેટલાક પક્ષીઓની જાતિઓ તો ખતમ થઇ ગઇ છે. સ્માર્ટ ફોનના પર્યાવરણ પર પ્રભાવને ઘટાડી દેવા માટે ફોન નિર્માતાઓએ પ્રોડક્ટસની અવધિ વધારી દેવાના પ્રયાસ કરવા જોઈએ. સાથે સાથે રિસાઈકિંલગના તરીકે શોધવા પડશે. સાથે સાથે ગ્રાહકોના રૂપમાં અમને વારંવાર સ્માર્ટ ફોન બદલી નાંખવાની ટેવ છોડવી પડશે.જો કે સલાહ સુચન યુવાનો વહેલી તકે સ્વીકારી શકે નહીં.



### ડાયાબિટીસ અને માઇગ્રેનમાં પણ નિયમિત યોગથી રાહત થાય છે...

**દરરોજ યોગ કરવાથી અસ્થમા, જેવી જુની બિમારી પણ દુર થાય છે સાથે સાથે ડાયાબિટીસની સારવાર પણ યોગ મારફતે થઇ શકે છે પરંતુ આના માટે જરૂરી છે કે સૌથી પહેલા બ્લડ શુગર લેવલને કન્ટ્રોલ કરવામાં આવે માઇગ્રેનથી પણ યોગથી રાહત મળે છે**

# નિયમિત યોગથી બીપીમાં પણ રાહત

**નિયમિતરીતે યોગાભ્યાસ કરનાર લોકો રોગમુક્ત રહે છે અને પહેલાની કેટલીક બિમારીઓ પણ દુર થવા લાગી જાય છે**

આમાં કોઇ શંકા નથી કે યોગથી મોટા ભાગની બિમારીની સારવાર શક્ય છે. જો કોઇ વ્યક્તિ નિયમિતરીતે યોગાભ્યાસ કરે છે તો તે રોગમુક્ત રહે છે. સાથે સાથે કેટલીક બિમારી જો તેને પહેલાથી જ રહી ચુકી છે તો તે બિમારી પણ ધીમે ધીમે દુર થવા લાગી જાય છે. શરીરને રોગમુક્ત રાખવા માટે નિયમિત યોગ કરવાની સલાહ નિષ્ણાંત લોકો દ્વારા આપવામાં આવી રહી છે.

દરરોજ યોગ કરવાથી અસ્થમા, જેવી જુની બિમારી પણ દુર થાય છે. સાથે સાથે ડાયાબિટીસની સારવાર પણ યોગ મારફતે થઇ શકે છે. પરંતુ આના માટે જરૂરી છે કે સૌથી પહેલા બ્લડ શુગર લેવલને કન્ટ્રોલ કરવામાં આવે. માઈગ્રેનથી પણ યોગથી રાહત મળે છે. નિષ્ણાંત કહે છે કે માઈગ્રેનનુ મુખ્ય કારણ દિમાગ સુધી લોહી નહીં પહોંચવાનુ છે. પુરતા પ્રમાણમાં જ્યારે લોહી પહોંચતુ નથી ત્યારે આઈ સમસ્યા ઉભી થઇ જાય છે. યોગની મદદથી સરળતાથી મગદ સુધી લોહી પહોંચી જાય છે. માઈન્ડમાં ફ્રેશનેસ બની રહે છે. માઈગ્રેન હોવાની સ્થિતીમાં શિર્સાસન અને હેડ સ્ટેન્ડ કરવાથી ફાયદો થાય છે. સુર્યનમસ્કાર કરવા માટેની પણ સલાહ આપવામાં આવે છે. પીઠના નિચલા



હિસ્સામાં પીડા થવાની બાબત કષ્ટદાયક હોય છે. પ્રોફેશનલ અને કામકાજી લોકોને આ તકલીફનો સામનો સામાન્ય રીતે કરવો પડે છે. આવી સ્થિતી થવાની સ્થિતીમાં કેટલાક યોગ આસાન કરવાથી લાભ થાય છે. જેમા શલભ આસન, સરળ ભુજંગ આસન, મર્કેટ આસનનો સમાવેશ થાય છે. યોગથી ડિપ્રેશનને પણ દુર કરી શકાય છે. યોગ મારફતે ફીલ ફ્રેશર ફેક્ટર આવે છે. કોઇ પણ વ્યક્તિ લાઇફને નવેસરથી ફ્રેશ રીતે આગળ વધારી દેવા ઈચ્છુક લોકોએ યોગની સાધના થોડાક સમય સુધી કરવી જોઈએ. ડિપ્રેશનમાં સિંહાસન, કરટક ક્રિયા અને જળ નિતી ક્રિયા જેવા યોગ ઉપયોગી સાબિત થાય છે. ઓફિસમાં વર્કલોડ અમને હાઈપર ટેન્શનનો શિકાર બનાવે છે. આના કારણે યોગથી ફાયદો થાય છે. હાઈ બ્લડ પ્રેશર કેટલીક બિમારીની જડ તરીકે છે. જો હાઈપર ટેન્શનને નિયંત્રિત કરી લેવામાં આવે તો કેટલીક બિમારી તો એમ જ દુર થઈ શકે છે. મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના ભારતીયોમાં ડાયાબિટીશના કિસ્સા દિનપ્રતિદિન વધી રહ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોટા શહેરોમાં રહેતા પુખ્તવયના દર પાંચ વ્યક્તિ પૈકી એક માત્ર હાઈપરટેન્શનથી જ ગ્રસ્ત નથી બલ્કે ડાયાબિટીશથી પણ પરેશાન છે. મહારાષ્ટ્રમાં આનાથી પણ ચિત્ર ચિંતાજનક છે. મહારાષ્ટ્રમાં દર ત્રણ વ્યક્તિ પૈકી એક વ્યક્તિ હાઈપરટેન્શન અને ડાયાબિટીશથી પરેશાન છે.તાજેતરમાં જ કરાયેલા અભ્યાસમાં આ મુજબની ચોંકાવનારી માહિતી આપવામાં આવ્યા બાદ આરોગ્ય તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. સ્કીની ઈન્ડિયાસ ટ્વીન ઈપીડેમીક (એસઆઈટીઈ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબનો ધડાકો કરવામાં આવ્યા બાદ જાણવા મળ્યું છે કે આ બે રોગથી મોટાભાગના લોકો પરેશાન થયેલા છે. ભારતના સૌથી મોટા ક્લીનીક આધારિત સર્વેમાં ઘણી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. મુંબઈમાં આ સર્વેના તારણો જાહેર કરવામાં આવી ચૂક્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે એકંદરે આરોગ્ય ચિત્ર ચિંતાજનક છે. ૬૦ ટકા અથવા તો દરેક પાંચ ભારતીયો પૈકી ત્રણ ડાયાબિટીશ અથવા તો હાઈપરટેન્શન અથવા તો બંને રોગથી ગ્રસ્ત છે. મહારાષ્ટ્રમાં આ ટકાવારી ૬૭ ટકાની આસપાસ છે. ચકાસવામાં આવેલા લોકો પૈકી ૪૦ ટકાથી વધુ લોકો ડાયાબિટીશથી ગ્રસ્ત નજરે પડ્યાં છે. દરેક બીજી વ્યક્તિ હાઈપરટેન્શનથી ગ્રસ્ત છે. એક માત્ર મહારાષ્ટ્ર ઉપર જ ધ્યાન આપવામાં આવે તો અહીં પણ હાલત કફોડી બનેલી છે. ૮ રાજ્યોને આવરી લઈને આ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. મલ્ટી નેશનલ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા સ્પોન્સર કરીને કરવામાં આવેલા અભ્યાસમાં આઠ રાજ્યોના મોટા શહેરોમાં રહેતા ૧૬,૦૦૦ લોકોને આવરી લઈને સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી.

# વિટામિન ડી પુરતા પ્રમાણમાં જરૂરી





હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વિટામિન ડી કમ અને વધુ પ્રમાણમાં નુકસાનકારક છે. તે નિયમિત માત્રામાં રહે તે જરૂરી છે. ભારતીયોની સ્કીન સામાન્યરીતે ડાર્ક રહે છે. જેથી વિમાટિમન ડીની જરૂર વધારે હોય છે. વિટામિન ડી મળી જાય તે રીતે પ્રો હાર્મોનના એક જુથ તરીકે છે. આ બે પ્રકારના હોય છે. વિટામિન ડી-૨ અથવા તો અર્ગોકેલસિફેરોલ અને વિટામિનડી-૩ અથવા તો કોલેકેલસીફેરોલનો સમાવેશ થાય છે. વિટામિન ડી અનેક રીતે કામ કરે છે. વિટામિન ડીનુ મુખ્ય કામ હાડકાને મજબુતી પ્રદાન કરવાનુ હોય છે.

હાડકાને મજબુત કરવા માટે કેલ્યિશિયમના સ્તરને જાળવી રાખવા માટેનુ કામ પણ તે કરે છે. આ શરીરમાં ફાસ્ફોરસના સ્તરને જાળવી રાખવા માટેનુ કામ પણ કરે છે. શરીરને બાહરના ઈન્ફેક્શનથી બચાવવા માટેનુ મહત્વનુ કામ પણ કરે છે. ઈમ્ન સિસ્ટમ અથવા તો રોગ પ્રતિકારક શક્તિને વધારી દેવામાં પણ તે ઉપયોગી છે. માંસપેશિ અને નસોની કાર્યક્ષમતા વધારી દેવામા પણ તેની ભૂમિકા રહે છે. ફેંફસાની કાર્યક્ષમતાને પણ વધારે છે. હાર્ટને સ્વસ્થ રાખવામાં પણ તેની ભૂમિકા છે. બ્લડ સરક્યુલેશનને પણ યોગ્ય રીતે જાળવી રાખવામાં ઉપયોગી હોય છે. વિટામિન ડી-ની કમીથી અનેક રોગ થઈ શકે છે. સામાન્ય રીતે આના કારણે નબળાઈનો અનુભવ થાય છે. થાક વધારે લાગે છે. મનોબળ ઘટવા જેવી તકલીફ થાય છે. માથામાં દુખાવો પણ રહે છે. lepslj જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વિટામીન ડી વાઈરલ ઈન્ફેશનથી રક્ષણ કરવામાં મદદરૂપ બને છે. અભ્યાસ મુજબ વાઈરલ ઈન્ફેક્શનથી બચાવવામાં વિટામીન ડીની ભૂમિકા ચાવીરૂપ રહે છે તે બાબત સાબિત કરવા માટે ઘણા તારણો પણ નક્કર રીતે રજૂ કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે શિયાળાની સિઝન અને ગરમીની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વાયરલ ઈન્ફેક્શનના રોગ ફેલાઈ જાય છે. વિટામીન ડીની ભૂમિકા વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જ્યારે દિવસો નાના હોય છે અને સૂર્યપ્રકાશ પ્રમાણસર નબળો હોય છે ત્યારે વિટામીન ડીનું સ્તર ઘટી જાય છે. આ જ કારણસર લોકો વાયરલ ઈન્ફેક્શના વધુ શિકાર થાય છે. અભ્યાસમાં સૂચન કરવામાં આવ્યું છે કે વિટામીન ડીના ઘટક તત્વો રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે જે વાયરલ ઈન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે. જર્નલ ઓફ લ્યુકો સાઈટ બાયોલોજીમાં જણાવવામાં આવ્યું છે કે વિટામીન ડીને લઈને કરવાાં આવેલા વધુને વધુ સંશોધનમાં જાણવા મળ્યું છે કે માનવીના આરોગ્ય માટે વિટામીન ડી ખૂબ જ મહત્વપૂર્ણ છે. સ્પેનમાં અભ્યાસ હાથ ધરવામાં આવ્યા બાદ સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે જ્યારે પરંપરાગત થેરાપી કામ કરતી નથી ત્યારે વિટામીન ડીના ઘટક તત્વો ઉપયોગી સાબિત થઈ શકે છે. વિટામીન ડીના લોહીના સ્તરમાં ફેરફારની પણ સરખામણી કરવામાં આવી છે. મોટીવયના લોકોમાં વિટામીન ડીની અછત વધારે જોવા મળે છે જેથી તેઓ વધુ બિમાર થઈ જાય છે. કોઈપણ સ્કૂલના શિક્ષકને એમ જ કહેતા સાંભળવામાં આવે છે કે શિયાળાની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વિટામીન ડી વધારે લેવામાં આવે. વિટામીન ડીના ઘટક તત્ત્વો સસ્તા પણ છે અને સામાન્ય રીતે સુરક્ષિત પણ છે.



### વિટામિન ડીની કમીના કારણે મોતનો ખતરો ત્રણ ગણો વધારે છે....

**અભ્યાસ મુજબ ભારતની ૬૮.૮ ટકા મહિલાઓમાં વિટામિન ડીની કમી છે જ્યારે ૨૬ ટકા મહિલાઓમાં વિટામિન ડી અપુરતા પ્રમાણમાં જોવા મળે છે આપને આ જાણીને હેરાની થશે કે દેશની માત્ર ૫.૫ ટકા મહિલાઓ એવી છે જેમના શરીરમાં વિટામિન ડી પુરતા પ્રમાણમાં જોવા મળે છે**

# વિટામિન ડીની કમી સ્થુળતાનુ કારણ

**વિટામિન ડીની કમી પબ્લિક હેલ્થ સમસ્યા છે : મહિલાઓમાં વિટામિન ડીની કમીથી શરીરને લગતી વધારે સમસ્યા સર્જાઇ રહી છે**

બ્રિટીશ મેડિકલ જર્નલના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય મહિલાઓમાં સ્થુળતા અને ડાયાબિટીસના વધતા જતા કેસ માટે કારણ તરીકે વિટામિન ડીની કમી છે. વ્યાપક અબ્યાસ બાદ જારી કરવામાં આવેલા આ તારણ સાથે મોટા ભાગના લોકો સહમત છે. અભ્યાસ મુજબ ભારતની ૬૮.૮ ટકા મહિલાઓમાં વિટામિન ડીની કમી છે. જ્યારે ૨૬ ટકા મહિલાઓમાં વિટામિન ડી અપુરતા પ્રમાણમાં જોવા મળે છે. આપને આ જાણીને હેરાની થશે કે દેશની માત્ર ૫.૫ ટકા મહિલાઓ એવી છે જેમના શરીરમાં વિટામિન ડી પુરતા પ્રમાણમાં જોવા મળે છે. આ અભ્યાસને એમ્સ ડાયાબિટીસ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા એનડ નેશનલ ડાયાબિટીસ એન્ડ ઓબેસિટી એન્ડ કોલસ્ટ્રોલ ફાઉન્ડેશનના સંશોધકોએ સાથે મળીને ત્યાર કરીને રિપોર્ટ તૈયાર કર્યા છે. હકીકતમાં દુનિયાભરમાં વિટામિન ડીની કમી મુખ્ય હેલ્થ સમસ્યા તરીકે છે. હજુ સુધી થયેલા અભ્યાસથી એક બાબત તો સપાટી પર આવી ચુકી છે કે ભારતમાં મોટા પાયે વિટામિન ડીની કમીના કેસ છે. આનો સીધો સંબંધ સ્થુળતા સાથે છે. જો કે નવા અભ્યાસમાં માત્ર મહિલાઓ પર




ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યુ હતુ. આ અભ્યાસમાં સામેલ સંશોધકો કહે છે કે ભારતીય મહિલાઓમાં વિટામિન ડીની કમી એટલા માટે પણ છે કે મોટા ભાગની મહિલાઓ ઘરની અંદર જ બંધ રહે છે. તેમના વસ્ત્રો પહેરવાના તરીકેના કારણે સુર્યની રોન માટે એક્સપોઝર તેમને મળતા નથી. જેના કારણે સુર્યની રોશનીથી મળનાર વિટામિન ડી મહિલાઓને મળતા નથી. જાણકાર નિષ્ણાંતો કહે છે કે આ અભ્યાસના તારણ ખુબ ઉપયોગી છે.નિષ્ણાંતો કહે છે કે વિટામિન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઈ શકે છે. વિટામિન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામિન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે. વિટામિન ડીની અછત ધરાવનાર લોકોના મોતનો ખતરો પણ વધારે રહે છે. આ અછતને દૂર કરવાની બાબત જરૂરી પોષકતત્વોને લઈને જોડાયેલી છે. પોષકતત્વો સાથે અછતને દૂર કરવાથી મોતનો ખતરો ૬૦ ટકા ઘટી જાય છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, હાર્ટ સાથે સંબંધિત રોગ અને વિટામિન ડીની અછત વચ્ચે સીધો સંબંધ છે. આ સંબંધ પણ ખૂબ જ મજબૂત છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના કાર્ડિયોલોજીના પ્રોફેસર ડૉ. જેમ્સે કહ્યું છે કે, અપેક્ષા કરતા પણ વધુ નક્કર પુરાવા મળ્યાં છે. વિટામિન ડીની અછત ઘણાં રોગો સાથે સંબંધ ધરાવે છે. દર્દીઓને ધ્યાનમાં લઈને જરૂરી દવાના સૂચન પણ કરવામાં આળ્યાં છે. કાર્ડિયોલોજીસ્ટોનું કહેવું છે કે, વિટામિન ડીની અછત ધરાવતા લોકોમાં ડાયાબિટીસ થવાનો ખતરો બે ગણો રહે છ૭. આ ઉપરાંત હાઈ બ્લડ પ્રેશર થવાનો ખતરો ૪૦ ટકા વધુ રહે છે અને કાર્ડિયો થવાનો ખતરો ૩૦ ટકા વધારે હોય છે. એકંદરે વિટામિન ડીની અછત ધરાવતાં લોકોમાં કોઈપણ કારણસર મૃત્યુનો ખતરો ત્રણ ગણો વધારે છે. અભ્યાસમાં આ બાબત સાબિત થઈ શકી નથી. વિટામિન ડીની અસર શુ થાય છે. અગાઉના સંસોધનોમાં સૂચન કરવામાં આવ્યું હતું કે, મોટાભાગના અમેરિકનોના શરીરમાં પુરતા પ્રમાણમાં વિટામિન ડીની સપાટી નથી. નવેસરના નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશનના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૫થી ૫૭ ટકા પુખ્ત વયના લોડોમાં ડીનું અપુરતુ પ્રમાણ છે. અન્ય અભ્યાસ સુચવે છે કે, વિટામિન ડીની અછત ઘાતક છે. વિટામિન ડીની અછતથી ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસથી આ બાબત સાબિત થઈ ચુકી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# બાબા ૨૧ દિવસ માટે સુનારિયા જેલમાંથી બહાર આવ્યા

। રોહતક, તા.૯ ।

ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહીમ ફરી એકવાર ૧૩મી વખત રજા પર સિરસા પહોંચ્યા છે. આ વખતે તેમને ૨૧ દિવસની રજા મળી છે, જે દરમિયાન તેઓ સિરસાના ડેરા સચ્ચા સૌદા કેમ્પસમાં રહેશે. આ સમયગાળા દરમિયાન, ડેરા પ્રમુખ વિવિધ ધાર્મિક અને સેવાલક્ષી કાર્યક્રમોમાં ભાગ લેશે. પરંતુ વહીવટીતંત્ર ૨૯ એપ્રિલના રોજ ડેરા સ્થાપના દિવસને લઈને ચિંતિત છે.૨૯ એપ્રિલે ડેરા સચ્ચા સૌદાની ૭૭મી વર્ષગાંઠ છે. ભારત અને વિદેશથી લાખો અનુયાયીઓના આગમનની શક્યતા છે. ડેરા પ્રમુખે સોશિયલ મીડિયા પર ૪૦ સેકન્ડનો વીડિયો સંદેશ જારી કરીને અનુયાયીઓને ડેરામાં ન આવવાની અપીલ કરી હોવા છતાં, ભૂતકાળના અનુભવોને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રની ચિંતા વધી ગઈ છે.વીડિયોમાં રામ રહીમે કહ્યું કે એપ્રિલ મહિનો સ્થાપના મહિનો છે. બધાને ખૂબ ખૂબ અભિનંદન. આ મહિનો સાંઈ બાબાની સેવાનો છે. હું બધાને હાથ જોડીને વિનંતી કરું છું કે તમે તમારા ઘરોમાં રહો અને સેવા કાર્ય કરો. અમને અમારી સાધ સંગત પર ગર્વ છે. આમ છતાં, સિરસામાં ડેરા સંકુલની આસપાસ લોકોની અવરજવર વધી ગઈ છે. ઘણા લોકો વીડિયો અને ફોટા લેવા આવ્યા, પરંતુ ડેરાના અનુયાયીઓએ તેમને રોક્યા અને રેકોર્ડિંગ ડિલીટ કરવા કહ્યું. આ ઘટનાઓ પોલીસની સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્નો ઉભા કરી રહી છે, કારણ કે ઘટનાસ્થળે સુરક્ષા ખૂબ જ મર્યાદિત દેખાતી હતી.

### શાકભાજીના ભાવમાં

# મોસમી સુધારાને કારણે ફેબ્રુઆરીમાં ખાદ્ય ફુગાવો ૨૧ મહિનાના નીચલા સ્તરે ૩.૮ ટકા પર પહોંચી ગયો

